# ઓસ્ટ્રેલિયાની શિક્ષણ વ્યવસ્થા

મેલબર્નમાં શાળાઓમાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું ચલણ ખુબ જ પૂરજોશમાં જોવા મળ્યું. મોટાભાગની શાળઓ સાંસ્કૃતિક અને રમતગમતની પ્રવૃત્તિઓ સારી રીતે કરાવે છે. તેમાં પણ રમતગમત પાછળ સમય અને પૈસા ખૂબ જ ખર્ચે છે. એક જ શાળામાં ઓછામાં ઓછી દસ-બાર રમતો શીખવવામાં અને રમાડવામાં આવે છે. આવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓની ઝોન અને રાજ્યકક્ષાએ હરીફાઇ સતત ચાલતી રહેતી હોય છે. વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યેની ભાવના અનેરી જોવા મળી, એટલું જ નહીં જીવનમાં રમતનું શું મહત્ત્વ છે તે તેઓ સારી રીતે જાણે છે. માટે તો મોટાભાગના વિદ્યાર્થીઓ શાળામાં ચાલતા કે સાયકલ લઇને જ આવે છે. પોતાના સ્વાસ્થય માટે નાનપણથી જ તેઓ ખૂબ જ સજાગ જોવા મળ્યા. અભ્યાસ બાબતમાં તેઓને વાંચન કરતાં પ્રોજેક્ટકાર્ય ખૂબ જ ગમે છે. ઉપરાંત કોલેજ કરતાં મોટાભાગના વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસનો ખર્ચ જાતે જ ઉઠાવવામાં માને છે. એટલે કે તેઓ અઠવાડિયામાં અમુક કલાક નોકરી કરે છે. આ રીતે જોતાં એક ઇન્ડિયન રેસ્ટોરન્ટમાં ઓસ્ટ્રેલિયન વીસ વર્ષની છોકરીને જોબ કરતાં જોઇ. પૂછતાં માલુમ પડ્યું કે, તે પોતાના અભ્યાસનો ખર્ચ કાઢવા માટે નોકરી કરતી હતી. તેઓ કોઇપણ કામ કરવામાં નાનપ અનુભવતા નથી અને જે પણ કામ કરે છે તે પૂરતી લગન અને ધગશ સાથે કામ કરે છે.

શિક્ષકની નિમણૂંકમાં સરકારના ચોક્કસ નિયમો છે. સારી બાબત એ છે કે, શિક્ષકની નિમણૂંકમાં ભ્રષ્ટાચાર ચાલતો નથી. આમપણ અહીં સામાન્ય પ્રજાને લાગેવળગે છે ત્યાં સુધી ભ્રષ્ટાચાર જોવા મળતો નથી. આપણા દેશની માફક કોઇપણ કામ માટે લાગવગ કે ભ્રષ્ટાચાર ત્યાં જોવા ન મળ્યા. તમારું કામ કાયદાકીય હોય તો આસાનીથી ધક્કા ખાધા વગર થઇ જાય છે અને કાયદા વિરોધી તમે કોઇ કામ કર્યું હોય તો ત્યાંની પોલીસ તમને છોડતી પણ નથી. તમે લાગવગ કે ભ્રષ્ટાચારનો પ્રયત્ન જ ન કરી શકો. સામાન્ય પ્રજા સાથે પણ પોલીસ કામ લે ત્યારે સાહેબ કહીને નમ્રતાથી વાત કરતી જોવા મળી. અન્ય રીતે જોવા જઇએ તો બાળકોમાં નાનપણથી જ કાયદા અને દેશપ્રેમના ગુણો ખીલવવામાં આવે છે. હા.. શિક્ષકની નિમણૂંકમાં એક વિશેષતા એ જોવા મળી કે, શાળામાં યુવાન શિક્ષકોનું પ્રમાણ તેઓ જાળવી રાખે છે. એટલે કે, કોઇ શિક્ષક નિવૃત થયા તો નવા શિક્ષકની નિમણૂંક માટે તેઓ યુવાન શિક્ષકોના પ્રમાણને ધ્યાનમાં રાખી નવી નિમણૂંક કરે છે.

શિક્ષકોની તાલીમનો સમય આપણા કરતાં ઓછો છે. ત્યાં છ માસ જ તાલીમનો સમય છે. પણ તાલીમ પછી ઇન્ટર્નશીપ કરવી ફરજિયાત છે. ખાસ વિશેષતા એ જોવા મળી કે, આચાર્ય બનવા માટે કે બન્યા પછી સરકારી ચોક્કસ પ્રકારનો કોર્ષ કરવો ફરજિયાત છે. જે માટે સરકારી અને ખાનગી સંસ્થાઓ છ માસનો કોર્ષ ચલાવે છે. જે માટેની ફિમાં સરકાર મદદ કરે છે.

અહીંના શિક્ષણમાં વિષયોમાં આપણી જેમ જ વિવિધતા જોવા મળે છે. પણ આપણે થિયરી પર વધુ પ્રાધાન્ય આપીએ છીએ જ્યારે ત્યાં એસાઇન્મેન્ટ અને પ્રોજેક્ટવર્ક પર વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. એટલે કે, વિદ્યાર્થીઓને કહીને શીખવવામાં નથી આવતું, પણ કરીને શીખવવામાં આવે છે. માટે જ ત્યાંના વિદ્યાર્થીઓ વધારે કુશળ જોવા મળ્યા.

અહીં સરકારી અને સેલ્ફફાયનાન્સ શાળાઓ છે. સરકારી શાળાઓમાં પણ ફીનું ધોરણ ખૂબ જ ઊંચું જોવા મળ્યું. શિક્ષકોને પગાર સિવાય બીજા કોઇ લાભ આપવામાં આવતા નથી અને વેકેશન આપણી જેમજ હોય છે. હા... અહીં સેમેસ્ટર સિસ્ટમ છે. જેથી દરેક સેમેસ્ટરમાં ચોક્કસ વિષયો કે વિષયના ચોક્કસ પ્રકરણોનો અભ્યાસ કરવાનો હોય છે. વર્ગમાં વિદ્યાર્થીની સંખ્યાનું પ્રમાણ શાળાકક્ષાએ આપણાં કરતાં ઓછું જોવા મળ્યું અને કોલેજ કક્ષાએ વધુ જોવા મળ્યું. કોલેજની વાત કરીએ તો ઘણી યુનિવર્સિટી-કોલેજના પુસ્તકાલયો ચોવીસ કલાક ખુલ્લા રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ ઇચ્છિત સમયે

પુસ્તકાલયનો ઉપયોગ કરી શકે. મોટાભાગના પુસ્તકાલયોની વ્યવસ્થા માનવરહિત જોવા મળી. એટલેકે કમ્પ્યુટરના સહારે જ વ્યવસ્થા ગોઠવાયેલ હતી. વિદ્યાર્થી ઇચ્છે તે પુસ્તક લઇ જઇ શકે અને જમા કરાવી શકે. આમછતાં કોઇ વિદ્યાર્થી ચોરી કરીને એકપણ પુસ્તક પોતાના ઘેર લઇ જઇ ન જ શકે. દરેક પુસ્તકાલયમાં ઇન્ટરનેટની સુવિધા હતી જ. માત્ર શાળા-કોલેજના પુસ્તકાલયો જ સારાં હતાં એવું નહીં, પણ સાર્વજનિક પુસ્તકાલયો પણ એટલાં જ સમૃદ્ધ હતાં. સાર્વજનિક પુસ્તકાલયોમાં પણ પુસ્તકોની વિવિધતા, બેસવાની સગવડ અને ઇન્ટરનેટની સુવિધા હતી.

શાળામાં પ્રવાસ-પર્યટન થતાં હતાં. અહીં પણ આપણી જેમ વિદ્યાર્થી અને શિક્ષકોના શિસ્તના પ્રશ્નો છે. પણ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરવામાં આવતી નથી. વાલી બાળકના શિક્ષણમાં પૂરતો રસ દાખવે છે. શાળા દ્વારા જો વાલીને બોલાવવામાં આવે તો વાલી અચૂક પણે શાળામાં જાય છે. જો શાળા કે શિક્ષક પ્રત્યે કોઇ ફરિયાદ હોય તો વાલી માત્ર ફોન કરે તો પણ તેનું સમાધાન કરવાના પ્રયત્નો થાય છે. આમછતાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો આપણાં જેટલા હૂંફાળા નહી જ હોય. તો પણ એક વાતની નોંધ લેવી પડે કે, મેં કેટલાક વિદ્યાથીને રૂબરૂ મળવા માટે બોલાવેલ. તો તે વિદ્યાર્થી જ્યારે મારી સામે ઊભા હતા ત્યારે અદબ વાળીને જ ઊભા હતા અને ખૂબ જ શિસ્ત સાથે આત્મવિશ્વાસથી વાત કરતા હતા. શાળામાં બોલીને ભણાવવા કરતાં કરીને ભણાવવા પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવે છે. જેથી પ્રોજેક્ટવર્ક, એસાઇન્મેન્ટ તો છે જ, પણ સાથે જૂથકાર્ય પણ વધારે કરાવવામાં આવે છે. શિક્ષકો અને શાળા પોતે પોતાના આખા વર્ષનું આયોજન ખૂબ જ સારી રીતે કરે છે. વર્ગવ્યવસ્થા આપણી જેમ જ હતી. પણ જો સંખ્યા ઓછી હોય તો બેઠક વ્યવસ્થા મોટાભાગે લંબગોળ આકારમાં જોવા મળી. ઓસ્ટ્રેલિયામાં હમણાં જ ચૂંટણી પૂર્ણ થઇ અને નવી સરકારે શિક્ષણ માટે આપેલા વચન મુજબ શાળા-કોલેજોને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક સહાય આપી છે. જેથી શાળા-કોલેજો પોતાનું ભૌતિક માળખું સુધારી રહ્યાં હતા કે વિસ્તારી રહ્યા હતાં. અહીં એક બાબતની ખાસ નોંધ લેવાઇ કે, માધ્યમિક શાળાઓની બહાર જે બોર્ડ મૂકેલા હતા તે. એટલે કે સેકન્ડરી સ્કૂલને તેઓ સેકન્ડરી કોલેજના નામથી પણ ઓળખે છે. સામન્યપણે ધોરણ છ સુધીનું શિક્ષણ પ્રાથમિક શિક્ષણ કહેવાય છે અને ધોરણ સાતથી બાર સુધીનું શિક્ષણ સેકન્ડરી સ્કૂલ કે સેકન્ડરી કોલેજનું શિક્ષણ કહેવાય છે. અહીં કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓને વિષયની પસંદગીમાં ખૂબ જ વિવિધતા આપવામાં આવે છે. ઘણાં વર્ગખંડમાં કેટલાક વિદ્યાર્થીની ઉમર જોઇને અચરજ થયું. કારણ કે, ચાલીસ-પચાસ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ હતાં. પૂછતાં જાણવા મળ્યું કે, આ વિદ્યાર્થીઓ નોકરી કરતાં કરતાં ભણવા આવ્યાં છે. તેઓને પ્રમોશન માટે કે નોકરીમાં વધારે જ્ઞાનની જરૂરિયાત જણાઇ હશે માટે વધુ અભ્યાસ કરવા આવે છે. ઓસ્ટ્રેલિયામાં આપણાં કરતાં એક બાબત તદ્દન ભિન્ન જોવા મળી. તેમાં જો કોઇ વ્યક્તિ નોકરીના ઇન્ટર્વ્યુ માટે જાય અને તેની લાયકાત જે તે મોકરી કરતાં વધારે હોય તો મોટાભાગની સંસ્થાઓ આવા ઉમેદવારને વધુ અભ્યાસ કરેલો હોવાના બહાને નોકરી આપતી નથી. કારણ એ જાણવા મળ્યું કે, વધારે ભણેલ ઉમેદવાર જે તે અભ્યાસના પ્રમાણમાં નવી નોકરી મળે તો તે તરત જ છૂટો થઇને જતો રહેશે. જેથી નોકરી આપતી સંસ્થાઓ જરૂરી લાયકાત કરતાં વધુ લાયકાત ધરાવનારને નોકરી આપતા ખચકાય છે.